# નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી

ગુજરાત રાજ્ય


(૦૭૯)
૨૩૨૫૩૯૦૮ (નિરીક્ષક)
૨૩૨૫૩૯૦૭ (નાયબ નિરીક્ષક)
૨૩૨૫૪૬૨૦ (નિરીક્ષકશ્રીના અંગત મદદનીશ)
૨૩૨૫૭૭૫૪ (ફેક્સ)
e-mail : exm-dat@Gujarat gov.in

'વિમા અને લેખા ભવન'
બ્લોક નં. ૧૭, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
એમ.એલ.એ. ક્વાટર્સનીસામે,
સેક્ટર-૧૦/બી,
ગાંધીનગર-૩૮૨૦૧૦.


નં : એલ.એચ.ક્યુ./પ્રો.ફંડ./ટેબલ-૧/સુધારેલ અંદાજ/૨૦૧૨-૧૩/૯૬૫ તારીખ : ૧૨ /૧૦/૨૦૧૨

**સમય મર્યાદા/સુધારેલ અંદાજ**

O. I. G. S.

પ્રતિ,

(૧) કુલ સચિવશ્રી,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

(૨) કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા કચેરી,
................................

(૩) ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા કચેરી, .........................
જિલ્લો-..........................

(૪) શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, .............................
જિલ્લો- .........................

હિસાબ વિભાગ ન.કૃ.યુ., નવસારી
જ.ઈ.નં. ૭૫૯
તા. 2 5 OCT 2012
ઓડીએમ-૩ શાખા

pf

**વિષય : સને ૨૦૧૨-૨૦૧૩ ના સુધારેલ આઠ માસિક અંદાજો મોકલવા બાબત.**

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપની સંસ્થાની પ્રો.ફંડની રકમો સરકારશ્રીમાં ૮૩૩૬-મુખ્ય સદરે જમા કરાવવામાં આવે છે. તેના ઉપર વ્યાજ મેળવવા માટે સુધારેલ અંદાજપત્ર સરકારશ્રીમાં મોકલવાનું હોય છે, આ માંટે આપની સંસ્થાની આ સાથે સામેલ પત્રકમાં માંગેલ માહિતી તા.૧૦/૧૧/૨૦૧૨ સુધીમાં અત્રેની કચેરીને અવશ્ય મળી જાય તે રીતે અચુક મોકલી આપવાની વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે. ભુતકાળમાં અત્રેની કચેરી દ્વારા માંગવામાં આવેલ માહિતી અત્રેથી નિયત કરવામાં આવેલ તારીખ બાદ કેટલીક સંસ્થાઓની માહિતી મોકલવામાં આવેલ હતી અને આવી મોડી આવેલ માહિતી અત્રે દફતરે કરવી પડેલ હતી. તેથી આ વખતે તેનું પુનરાવર્તન થાય નહી અને આપની માંગણી મુજબનું વ્યાજ સરકરશ્રી તરફથી આપની સંસ્થાને મળી રહે તે સારૂં આપની સંસ્થાની

Office of the Account Officer cum Comptroller, N.A.U., Navsari
Inward No. 6177
Date : 29-10-12

2 5 OCT 2012

સને-૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ માટેની સુધારેલ આઠ માસિક અંદાજપત્રની માહિતી <u>તા.૧૦/૧૧/૨૦૧૨</u> ના રોજ કે તે પહેલા અત્રેની કચેરીની પ્રો.ફંડ શાખાને મળી જાય તે રીતે મોકલી આપવાની વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે. સમય મર્યાદા બાદ મળેલ માહિતીને ધ્યાને લેવામાં આવશે નહીં, અને તેના કારણે <u>આઠ માસિક સુધારેલ અંદાજમાં સંસ્થાને ફાળવવાના વ્યાજનો સમાવેશ થઇ શકશે નહીં અને તેના કારણે સરકારશ્રીમાંથી વ્યાજ ઓછું ફાળવવામાં આવશે તો સંસ્થાને વ્યાજ ફાળવી શકાશે નહીં. તે તરફ ધ્યાન દોરી માહિતી નિયત સમય મર્યાદામાં મોકલી આપવા પુનઃ વિનંતી છે.</u>

સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ છઠ્ઠા પગાર પંચના એરીયર્સની રકમ કર્મચારીઓના જી.પી.ફંડના ખાતામાં જમા કરવાનુ નક્કી કરવામાં આવેલ હતુ, તે અનુસાર વર્ષ ૨૦૦૯-૧૦ નો એરીયર્સનો પ્રથમ હપ્તો જી.પી.ફંડમાં જમા કરવામાં આવેલ હોય તો સરકારશ્રીના નાણાં વિભાગના તા.૨૦/૦૩/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૦૯/૩/પે સેલ(એમ) ની સુચના (ડી) Payment of arrears ના મુદ્દા (f) <u>મુજબ એરીયર્સનો પ્રથમ હપ્તો જી.પી.ફંડમાં જમા</u> કરવામાં આવેલ હોય તો તેના ઉપર <u>તા.૦૧/૦૪/૨૦૦૯</u> થી વ્યાજ મળવાપાત્ર થાય છે, તો તે અનુસાર આપની સંસ્થાના કર્મચારીઓની જી.પી.ફંડમાં જમા કરાવવામાં આવેલ રકમની અને તેની ઉપર મળવાપાત્ર વ્યાજની માહિતિ આ સાથે સામેલ નીચેના પત્રકમાં ભરીને <u>તા.૧૦/૧૧/૨૦૧૨</u> સુધીમાં અત્રેની કચેરીને અચુક મોકલી આપવા વિનંતી છે, જેથી સુધારેલ અંદાજપત્રમાં આ અંગેનો સમાવેશ કરી શકાય. અને છઠ્ઠા પગાર પંચ મુજબનો લાભ આપવામાં આવેલ ન હોય અને કોઇ રકમ જી.પી.એફ માં જમા કરાવવામાં આવેલ ન હોય તો તે અંગેની માહિતિ પણ નિયત પત્રકમાં અચુક મોકલી આપવા વિનંતી છે. તથા વર્ષ ૨૦૦૯-૧૦ નો પ્રથમ હપ્તો એટલે કે ૨૦% ની રકમ જે નાણાંકીય વર્ષમાં જમા કરાવેલ હોય તે નાણાંકીય વર્ષના ૧લી એપ્રિલથી વ્યાજ ગણવાનું રહેશે.

સને ૨૦૧૨-૨૦૧૩ નું સુધારેલ અંદાજપત્ર તૈયાર કરતી વખતે નીચેની સુચનાઓ ધ્યાને લેવા વિનંતી છે.

:: <u>સુચનાઓ</u> ::

(૧) ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ માટે વ્યાજનો દર ૮.૮% ધ્યાને લેવાનો છે.

(૨) <u>તા.૧૦/૧૧/૨૦૧૨</u> સુધીમાં જે સંસ્થાની માહિતી મળશે તેને જ ધ્યાને લેવામાં આવશે, જેથી સમય મર્યાદામાં માહિતી મોકલાઇ જાય તે જોવા વિનંતી છે.

(3) પાછલા વર્ષોનું વ્યાજ લેવાનું હોય તો પત્રકમાં નિયત કોલમમાં વર્ષવાર બતાવી નોંધના કોલમમાં તેની વિગત આપવી.

(૪) વ્યાજ ફાળવણી વખતે સરકારી તિજોરીમાં જે રકમો જમા હોય તેને લક્ષમાં લેવાનું હોવાથી સરકારી તિજોરીમાં તા.૦૧/૦૪/૨૦૧૨ ના રોજની જે સિલક હોય તે જ પત્રકમાં દર્શાવવાની છે. બ્રોડશીટ મુજબની સિલક દર્શાવવી નહીં.

(૫) ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં મળેલું વ્યાજ તા.૦૧/૦૪/૨૦૧૨ ની સિલકમાં ઉમેરી ઉઘડતી સિલક ગણતરીમાં લેવાની છે. પછી ભલે પાસબૂકમાં ૭/૨૦૧૨, ૮/૨૦૧૨, ૯/૨૦૧૨ માં જમા આપવામાં આવેલ હોય તો પણ. તેથી આ વ્યાજ ફરી આવક તરીકે આવકના કોલમમાં પત્રકમાં દર્શાવવાનું નથી.

(૬) જે સંસ્થાઓએ સરકારી તિજોરીમાં રકમો ઓછી જમા કરાવેલ હોય કે ૧૦ મી તારીખ બાદ જમા કરાવેલ રકમ ઉપર વ્યાજ મળવાપાત્ર નથી. તેથી જે તે માસના વ્યાજની ગણતરીમાં આવી રકમો ધ્યાને લેવાની નથી. આ કારણે આ કચેરીએ ઓછું વ્યાજ ફાળવેલ હોય તેવું વ્યાજ પાછલી બાકી તરીકે પણ માંગવાનું નથી.

(૭) જે સંસ્થાની બાંધી મુદતમાં પ્રો.ફંડની રકમો હોય અને તેના ઉપરનું વ્યાજ ૦૦૪૯ સદરે જમા કરાવેલ હોય તેને બ્રોડશીટ પ્રમાણે વ્યાજ માંગવાનું થાય તેમજ નોંધના કોલમમાં ૦૦૪૯ સદરે જમા કરાવેલ વ્યાજની વિગત દર્શાવવી. જેના સમર્થનમાં વ્યાજ જમા કરાવેલ ચલણની ઝેરોક્ષ પ્રમાણિત નકલ મોકલવી જરૂરી છે.

(૮) જે સંસ્થાઓ પુરેપુરી પ્રો.ફંડની રકમો જમા કરાવતી નથી તેમને બ્રોડશીટ પ્રમાણેનું વ્યાજ અને સરકારી તિજોરીમાં જમા કરાવેલ રકમોના આધારે આવતા વ્યાજમાં તફાવત આવે છે. આ વ્યાજ ખાધ તરીકે સ્વભંડોળમાંથી સંસ્થાએ તા.૩૧/૩/૨૦૧૩ પહેલાં સંસ્થામાં ૮૩૩૬ સદરે જમા કરાવવું.

(૯) પત્રકમાં માંગ્યા પ્રમાણે છ માસના ખરેખર આંકડા અને છ માસના અંદાજીત આંકડા આપવાના છે.

(૧૦) પત્રકમાં આપવાની થતી તમામ માહિતી આપની સંસ્થાના રેકર્ડના આધારે ચકાસણી કરીને આપવી.

આપનો વિશ્વાસુ,

બિડાણ : ઉપર મુજબ (૨)

નાયબ નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ રવાના પ્રતિ</u> : જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ........................ તરફ જાણ તથા તેઓશ્રીના જીલ્લાની સંસ્થાઓ તરફથી ઉક્ત માહિતી સત્વરે અત્રે મોકલી આપે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા સારૂં.

ક્ર.નકૃયુ/બજેટ/12785-835/2012

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી
નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
તા. 30-10-2012

નોંધ - આ સાથે સામેલ પત્રક દિ-૨ મા ભરી સત્વરે કચેરીને રજુ કરવા સારુ.

નકલ રવાના -
① તમામ યુનિટ-કમ યુનિટ અધિકારીઓને

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

**<u>છઠ્ઠા પગાર પંચ પ્રમાણે પ્રથમ હપ્તા પેટે જી.પી.એફ.માં જમા કરવામાં આવેલ રકમની માહિતિનુ પત્રક</u>**

| અ.નં | જી.પી.એફમાં જમા કરવેલ પ્રથમ હપ્તા પેટેની રકમ | જમા કર્યા - તારીખ | જમા કર્યાનું વર્ષ | સંસ્થાએ ઠરાવેલ અને સ્વીકાર્યાનું વર્ષ એરીયર્સ સહિત | મળવાપાત્ર વ્યાજ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |

**સંસ્થાના વડાની સહી/ સિક્કો.**